

# પુનરુત્થાનનું પૃથક્કરણ

## The Resurrection - Grand theme of the Bible



જયંતિ ક્રિશ્ચિયન

**બા**ઇબલમાંથી અને ખ્રિસ્તી ધર્મમાંથી જો પુનરુત્થાનની બાદબાકી કરવામાં આવે તો ખ્રિસ્તી ધર્મ નીચે ઊતરીને બીજા ધર્મની હરોળમાં આવી જાય. પ્રભુ ઈસુ કેવળ આપણા જ નહીં પરંતુ આખા જગતના પાપનું પ્રાયશ્ચિત્ત છે. ૧ યો. ૧:૨ "અને તે આપણા પાપનું પ્રાયશ્ચિત્ત છે; અને કેવળ આપણા જ નહીં પણ આખા જગતના પાપનું તે પ્રાયશ્ચિત્ત છે." ફક્ત પ્રભુ ઈસુ જ એક એવી વ્યક્તિ છે જેમણે પુનરુત્થાન માટે Appointment લીધી હતી અને તે પૂરી પણ કરી. કરિંથના લોકોને પાયાની વાત સમજાવતાં અને સુવાર્તાની સત્યતા જણાવતાં પાઉલ પ્રેરિત આવું લખે છે, "ધર્મશાસ્ત્ર પ્રમાણે ખ્રિસ્ત આપણા પાપને સારુ મરણ પામ્યો અને ધર્મશાસ્ત્ર પ્રમાણે તેને દાટવામાં આવ્યો અને ત્રીજે દહાડે તેનું ઉત્થાન થયું" ૧ કરિં. ૧૫: ૩,૪. આ કલમોમાં બે વખત ધર્મશાસ્ત્રનો ઉલ્લેખ કરીને પાઉલ એ જણાવવા માગે છે કે આખા બનાવમાં મૂળભૂત ઓથોરિટી એ તો પવિત્રશાસ્ત્ર છે. પ્રભુ ઈસુનો જન્મ થયા અગાઉ જૂના કરારમાં પુનરુત્થાન સંબંધી જે ભવિષ્યવાણી ઉચ્ચારવામાં આવી હતી તે નવા કરારમાં આમેન અને પરિપૂર્ણ થઈ. હોશિયા ૬: ૧-૨માં આ વાત લખેલી છે. બે બાબતો જોઈએ છીએ પ્રભુ ઈસુનું પુનરુત્થાન અને તેમની પર વિશ્વાસ કરનાર આપણું પણ પુનરુત્થાન થશે. "ત્રીજે દિવસે તે આપણને ઉઠાડશે અને આપણે તેની આગળ જીવીશું." શાસ્ત્રીઓ અને ફરોશીઓ ચિહ્‌ન માગતા હતા ત્યારે પ્રભુ ઈસુએ યૂનાનું ચિહ્‌ન આપી જણાવ્યું. જ્યારે યૂનાને ઊંચકીને સમુદ્રમાં નાખી દેવામાં આવ્યો ત્યારે ખલાસીઓ તો એવું માનતા હતા કે યૂના મરી ગયો. પરંતુ તે તો માછલીના પેટમાં હતો. "યૂના ત્રણ દિવસ અને ત્રણ રાત માછલીના પેટમાં રહ્યો અને માછલીએ તેને જીવતો બહાર કાઢ્યો. જે પ્રભુ ઈસુનું પુનરુત્થાન બતાવે છે. જો પ્રભુ ઈસુનું પુનરુત્થાન થયું તો આપણું પણ પુનરુત્થાન થશે. પ્રભુ ઈસુ જ આપણી ગેરંટી છે. યહૂદી લોકોના નિયમ પ્રમાણે કોઈ પણ વાત બે પુરુષ સાક્ષીઓથી ખરી સાબિત થતી હતી. આ અધ્યાયમાં પાઉલ પિતરથી માંડીને જે જુદી જુદી વ્યક્તિઓને દર્શન થયું હતું તેની વાત જણાવે છે. છેલ્લે ૫૦૦ કરતાં વધારે ભાઈઓને તેનું દર્શન થયું. એટલે પુનરુત્થાનની વાત કેટલી ખાતરીપૂર્વક છે તે સાબિત થાય છે.

પુનરુત્થાન માટે વિશ્વાસ એ બહુ મોટી બાબત છે. પાઉલ પ્રેરિતના સમયમાં જૂઠું શિક્ષણ પણ મંડળીઓમાં હતું. "હવે ખ્રિસ્ત મૂએલામાંથી ઊઠ્યો છે એમ પ્રગટ કરવામાં આવે છે, તે છતાં તમારામાંના કેટલાએક કેમ કહે છે કે મૂએલાનું પુનરુત્થાન નથી?" - ૧ કરિં. ૧૫:૧૨. આજે પણ કેટલાક ઉપદેશકો સાજાપણાને, આ જીવનમાં પ્રગતિને અને આ જીવનના આશીર્વાદો ઉપર જ ખાસ ભાર મૂકે છે. જો પૃથ્વી પરનું આ જ જીવન છે અને પછી કોઈ આશા નથી તો 'કબર એ જ ધ્યેય અને કબર એ જ અંત' એવું કહેવાય. જો તમે પુનરુત્થાનમાં માનતા નથી તો તમે ખોવાયેલો આત્મા છો અને તમે અનંતકાળના નાશ તરફ આગળ વધી રહ્યા છો.

૨૦થી ૨૪ કલમમાં આપણને ત્રણ બાબતો શીખવાની મળે છે.

૧. પ્રભુ ઈસુ - ઊંઘી ગયેલાનું પ્રથમ ફળ - પુનરુત્થાન
૨. જેઓ ખ્રિસ્તના છે તેઓનું પુનરુત્થાન
૩. જેઓ બાકી રહેલા છે તેઓનું શ્વેત રાજ્યાસન ન્યાય ચુકાદામાં પુનરુત્થાન થશે.

પુનરુત્થાનનો નકાર કરવો એ બહુ ભયંકર બાબત છે. પાઉલ ચેતવણી આપતા જણાવે છે કે, "દુષ્ટ સોબત સદાચરણને બગાડે છે" - ૧ કરિં. ૧૫:૩૩. એટલે તમારી મિત્રતા કોની સાથે છે એ જાણવું બહુ જરૂરી છે. અન્ય ધર્મના લોકો તમારા વિશ્વાસને ધક્કો પહોંચાડી શકે છે. કરિંથમાં આવું બન્યું હતું "ન્યાયીપણામાં જાગૃત રહો, અને પાપ ન કરો; કેમ કે કેટલાએકને ઈશ્વર સબંધી જ્ઞાન નથી; તમને શરમાવવા સારુ હું એ કહું છું" ૧ કરિં. ૧૫:૩૪.

૩૫મી કલમમાં બે અગત્યના પ્રશ્નો પૂછવામાં આવ્યા છે:

૧. મૂએલાને કેવી રીતે ઉઠાડવામાં આવે છે?

૨. તેઓ કેવાં શરીર ધારણ કરે છે?

આ પ્રશ્નને સમજાવતાં પાઉલ ઘઉંના દાણા કે બીજા કશા દાણાની વાત કરે છે. જેવી રીતે દરેક દેહ સરખા હોતા નથી તેવું જ પુનરુત્થાનમાં પણ છે. માણસોનો દેહ, પશુઓનો દેહ, પક્ષીઓનો દેહ, માછલાનો દેહ જુદો જુદો હોય છે તેવું જ પુનરુત્થાન પણ છે. સ્વર્ગીય ગૌરવનું વર્ણન કરતાં પાઉલ સૂર્ય, ચંદ્ર અને તારાઓના દાખલા આપે છે. દાનિયેલ ૧૨મા જે ભવિષ્યવાણી ઉચ્ચારવામાં આવી છે તેનું પ્રક્ટીકરણ અહીં આપણે જોઈએ છીએ.

"અને જેઓ પૃથ્વીની ધૂળમાં ઊંઘેલા છે તેઓમાંના ઘણા જાગી ઊઠશે. કેટલાક અનંતજીવનમાં દાખલ થશે અને કેટલાક અનંતકાળ સુધી લજ્જિત અને ધિક્કારપાત્ર થશે. સુજ્ઞો અંતરીક્ષના પ્રકાશની માફક અને ઘણાઓને નેકીમાં વાળી લાવનારાઓ સદાસર્વકાળ તારાઓની માફક પ્રકાશશે" - દાનિ. ૧૨: ૨-૩. "તે સમયે તારા લોકોમાંના જેઓના નામ પુસ્તકમાં નોંધાયેલા માલૂમ પડશે તે દરેકનો બચાવ થશે" - દાનિ. ૧૨:૧.

શું તમારું નામ જીવનના પુસ્તકમાં નોંધાયેલું છે?

યાદ રાખો, તારણ પામવા માટે પ્રભુ ઈસુના પુનરુત્થાન પર વિશ્વાસ કરવો એ બહુ જરૂરી છે. કારણ કે શાસ્ત્ર કહે છે કે, "જો તું તારે મોઢે ઈસુને પ્રભુ તરીકે કબૂલ કરીશ અને ઈશ્વરે તેમને મૂએલામાંથી પાછા ઉઠાડ્યા એવો વિશ્વાસ તારા અંતઃકરણમાં રાખીશ, તો તું તારણ પામીશ. કારણ કે ન્યાયીપણાને અર્થે અંતઃકરણથી વિશ્વાસ રાખવામાં આવે છે, ને તારણને અર્થે મોંથી કબૂલાત કરવામાં આવે છે" - રોમન ૧૦: ૯-૧૦.

૪૨થી ૪૯ કલમમાં જે પાંચ ફેરફાર છે તે પાઉલ સમજાવે છે.

૧. વિનાશમાં તે વવાય છે અને અવિનાશમાં ઉઠાડાય છે. આપણે શરીરની ગમે તેટલી કાળજી રાખીએ, કસરત કરીએ અને ક્રીમ લગાડીએ અને સાચવીએ છતાં પણ તે નાશવંત છે. પણ પુનરુત્થાનમાં આપણને જુદા શરીર સાથે ઉઠાડવામાં આવશે.

૨. અપમાનમાં વવાય છે અને ગૌરવમાં ઉઠાડાય છે. આટલું સુંદર શરીર હોવા છતાં તેને ખાડામાં દાટી દેવું તેની ઉપર ધૂળ નાખવી એ કેટલું અપમાન કહેવાય! છતાં આપણે તે કરીએ છીએ. પણ જ્યારે આપણું પુનરુત્થાન થશે ત્યારે તેનું ગૌરવ જોવા જેવું હશે અને ત્યારે જ ખબર પડશે.

૩. નિર્બળતામાં વવાય છે અને પરાક્રમમાં ઉઠાડાય છે. જ્યારે અસાધ્ય રોગ લાગુ પડે છે ત્યારે બહારથી દેખાતો તંદુરસ્ત માણસ નિર્બળ થઈ જાય છે અને થોડા દિવસમાં તે બદલાય જાય છે. જ્યારે મરણ આવે છે ત્યારે તે શૂન્ય થઈ જાય છે. પરંતુ તેનું ઉત્થાન થાય છે ત્યારે તે પરાક્રમ સહિત જાગી ઊઠશે.

૪. પ્રાણી શરીર વવાય છે આત્મિક શરીર ઉઠાડાય છે. ગી.શા. ૧૦૩:૧-૨માં દાઉદ એવું જણાવવા માગે છે કે મારો આત્મા તત્પર છે પણ મારું શરીર તૈયાર નથી. તેને તૈયાર કરતાં તે જણાવે છે કે, "મારા ખરા અંતઃકરણ તેના પવિત્ર નામને સ્તુત્ય માન." પ્રાણી અને આત્મિક શરીરનો તફાવત અહીં આપણે જોઈએ છીએ.

૫. મર્ત્ય શરીર વવાય છે અવિનાશી શરીર ઉઠાડાય છે. પાપને લીધે મરણ આવ્યું અને આપણું આયુષ્ય મર્યાદિત થયું, તમે ગમે તેટલું જીવો પણ મરણ નિશ્ચિંત છે. આ મર્યાદિત શરીર દાટવામાં આવે છે. પરંતુ ઉત્થાન પામેલું શરીર, ગૌરવવંતું શરીર એ આપણી કલ્પનાની બહાર છે જે આપણને મળનાર છે. જે કોઈ પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરે છે તેને આ મહિમાવંત શરીર મળશે જે અનંતકાળ સુધી ટકશે. હાલેલૂયાહ!✍

**જયંતિ ક્રિશ્ચિયન, ફિલાડેલ્ફીઆ, યુ.એસ.એ.**

---

**નિરાકરણ : શાસ્ત્ર સંબંધી સવાલોનું સચોટ સ્પષ્ટીકરણ**

**અનુસંધાન પાના નં. ૧૫નું ચાલુ...**

ઈસુ ખ્રિસ્તનું પરીક્ષણ આપણે પૂરી રીતે સમજી શકીએ તેવી વાત નથી. પણ મુખ્ય વાત એ છે કે માનવજાતના તારનાર થવા માટે તેમણે માનવજાતના સઘળા અનુભવોમાં થઈને પસાર થવાની જરૂર હતી. એટલે ઈશ્વર શેતાન મારફતે તેમનું પરીક્ષણ થવા દે છે અને શેતાનની યોજના ઊંધી વાળીને તેનો ઉપયોગ પોતાની જ અનંતકાળની યોજના પૂરી કરવા કરે છે.-

**ડો. ઈમાનુએલ જી. ક્રિશ્ચિયન**

# બિશપ હિબર અને સહજાનંદ સ્વામી વચ્ચે યોજાયેલો ધર્મસંવાદ



ડૉ. સુરેન્દ્ર આસ્થાવાદી

ઇંગ્લેન્ડના ખ્રિસ્તી ધર્માધ્યક્ષ બિશપ રેજિનેલ્ડ હિબર અને સ્વામી સંપ્રદાયના સ્થાપક હિંદુ ધર્મ ગુરુ સહજાનંદ સ્વામી વચ્ચે ૧૮૨૫માં સહકારમૂલક વાતાવરણમાં ધર્મસંવાદ યોજાયો હતો. એ ખ્રિસ્તી ઈતિહાસની એક પૌરાણિક રસપ્રદ ઘટના છે.

તાજેતરમાં ગુજરાત સમાચારની તા. ૧૩-૨-૧૯ની બુધવારની શતદલ પૂર્તિમાં ઉપરોક્ત વિષયે શ્રી મકરંદ મહેતાનો લેખ પ્રસિદ્ધ થયેલો હતો. તેના વાચન બાદ આ લેખ લખવાની આવશ્યકતા ઊભી થયેલ હોવાથી આપણા લોકોને માટે સાચી વસ્તુસ્થિતિથી વાકેફ કરવા માટે એનું આલેખન અત્રે કરેલું છે.

'શતદલ'ના પ્રસ્તુત લેખનો આરંભ આવા લખાણથી કરાયેલોછે : 'બિશપ હિબર ઈ.સ. ૧૮૨૩માં ધર્મપ્રચાર કરવા માટે ઇંગ્લેન્ડથી હિંદમાં આવ્યા હતા. તે પહેલાં ગુજરાતમાં ખ્રિસ્તી ધર્મપ્રવર્તકો દ્વારા ધર્માંતરની પ્રવૃત્તિઓ શરૂ થઈ ચૂકી હતી.' વાસ્તવમાં ઉપરોક્ત વિધાન સત્યથી વેગળું છે. બિશપ હિબર અત્રે ધર્મપ્રચાર કરવા માટે કે મિશનરી સેવા માટે આવ્યા ન હતા. તેઓ ઈંગ્લેન્ડની કોઈ મિશનરી સંસ્થા દ્વારા પ્રેષિત કરાયેલા ન હતા. વાસ્તવમાં તેમના ભારતમાં આગમનની વાત જુદી છે. તેઓ પોતે ઈંગ્લેન્ડના ખ્રિસ્તી ઓફિસરો, કર્મચારીઓ તથા તેઓના પરિવારોની ધાર્મિક સારસંભાળ, શિક્ષણ તથા ધર્મવિધિઓ સંભાળવાના કામે ઈંગ્લેન્ડની પાલેમેન્ટના ઠરાવ દ્વારા અત્રે મોકલાયેલા હતા.

એ દિવસોમાં હિંદુસ્તાનમાં બ્રિટનની ઈસ્ટ ઈન્ડિયા કંપનીના રાજવહીવટનો ઝંડો લહેરાતો હતો. ઈ.સ. ૧૬૦૦થી આવેલી આ કંપનીએ શાસન જમાવ્યું હતું. તેના રાજ્યના રેવન્યૂ, શિક્ષણ, ન્યાય અને પોલીસ જેવા વહીવટી વિભાગોમાં અંગ્રેજ અધિકારીઓ નિમાયેલા હતા. આ અધિકારીઓ અને કેટલાક અંગ્રેજ કર્મચારીઓ પોતાના કુટુંબ સાથે ઈંગ્લેન્ડથી અહીં આવીને વસેલા હતા. તેઓ ખ્રિસ્તી હતા. તેઓના ધર્મવિષયક વ્યવસ્થાતંત્ર તથા ધાર્મિક વિધિ, સંસ્કારો માટે ધર્મગુરુઓની જરૂરિયાત ઊભી થઈ. આ માટે કંપનીએ બ્રિટિશ સરકારને વિનંતી કરી. વિનંતી રૂપી આ દરખાસ્ત બ્રિટનની પાલેમેન્ટમાં રજૂ કરાઈ. તેમાં એક બિશપ (ધર્માધ્યક્ષ) અને ત્રણ ધર્મસેવકો નીમવાની માગણી કરવામાં આવી. ૧૮૧૩માં પાલેમેન્ટમાં આ બાબતે ઠરાવ કરવામાં આવ્યો. તેના પરિપાક સ્વરૂપે ચર્ચ ઓફ ઈંગ્લેન્ડના થોમાસ મિડલટનને ૧૮૧૪માં કોલકાટાના બિશપ તરીકે નીમવામાં આવ્યા. સમગ્ર હિંદુસ્તાન અને ઓસ્ટ્રેલિયા તેમનો કાર્યપ્રદેશ હતો. ઈ.સ. ૧૮૨૨માં તેમનું મરણ થયું. એટલે તેમના અનુગામી તરીકે બ્રિટિશ સંસદના બોર્ડ ઓફ કમિશનર્સ ફોર ધી એફેર્સ ઓફ ઈન્ડિયાના અધ્યક્ષ વિલિયમ્સે તા. ૭ ડિસેમ્બર ૧૮૨૨ના રોજ પત્ર દ્વારા બિશપ રેજિનોલ્ડ હિબરને સત્તાવાર નિમણૂક આપી અને અગાઉની માફક હિંદુસ્તાન અને ઓસ્ટ્રેલિયાના પ્રદેશો પર તેમની ધાર્મિક જવાબદારી નક્કી કરાઈ. કોલકાટા તેમનું હેડક્વાર્ટર હતું. તેઓ વિદ્વાન ધર્મગુરુ ઉપરાંત એક સારા કવિ હતા. ૧-૬-૧૮૨૩ના રોજ લંડનના લેમ્બેથ પેલેસના ચર્ચમાં આર્ક બિશપ ઓફ કેન્ટરબરીએ બિશપ હિબરને 'લોર્ડ ઓફ કોલકાટા' તરીકે વિધિસરની દીક્ષા આપી. તા. ૧૬-જૂન ૧૮૨૩ના રોજ રવાના થઈને તેઓ ભારતમાં કોલકાટા ખાતે આવ્યા.

બોલો, આમાં ધર્મપ્રચારનો કોઈ હેતુ કે એ વિષેની વાત નજરે પડે છે ખરી? પણ ખોટી ખોટી ભ્રામક વાતો ફેલાવનારાઓએ આ બિશપને ધર્મપ્રચારના કામે આવ્યા હોવાની વાતને ચગાવી દીધી.

ભજનસંગ્રહ ગીત નં (૨) હે ઈશ્વર પવિત્ર અને (૩૮૫) દેવપુત્ર યુદ્ધે ચાલીને એ બંને ગીતોની રચના બિશપ હિબરે કરેલી છે.

એ સમયગાળામાં ભારતમાં સહજાનંદ સ્વામી દ્વારા સ્વામી સંપ્રદાયની સ્થાપના પછી વિકાસનું જબરજસ્ત સેવાકાર્ય ચાલી રહ્યું હતું. તેમની સેવા માનવોમાં સુધારાવાદી સંસ્કારો અને ધર્મના અનુસરણમાં લોકો જોડાય તે પ્રકારની હતી. સારી અસર ઊભી કરનારી આ ધાર્મિક ઝુંબેશ ઘણાને માટે અસરકારક નીવડી. સહજાનંદ પોતે પણ સદાચારી અને સંસ્કારી હતા. પરિણામે ઘણા ચોર, ડાકુઓ અને અવળે રસ્તે જનારાઓ પોતાનો પંથ બદલીને સ્વામીજીના અનુયાયી થયા. દિન પ્રતિદિન આ સમુદાયની સંખ્યા વેગ પકડતી અને વધતી ગઈ. ખેડા જિલ્લાના ચરોતર વિસ્તારમાં તેમનો પ્રભાવ સવિશેષ હતો. આ વિગત ખેડાના અંગ્રેજ ખ્રિસ્તી કલેક્ટર થોમાસ વિલિયમસને કોલકાટા ખાતે બિશપ હિબરને જણાવી. બિશપ હિબર એન્ગલિકન ધર્મગુરુ હતા. મેથોડિસ્ટ ચર્ચના પ્રણેતા જોન વેસ્લી પણ મૂળ એન્ગલિકન પાળક હતા.

બિશપ હિબરને સ્વામી સહજાનંદ સાથે મળવાની ઈન્તેજારી થઈ. બંને ધર્મવડાઓ ધાર્મિક તત્ત્વજ્ઞાનીઓ હોઈને પરસ્પર મળવા માટે સંમત થયા. કલેક્ટર થોમાસની વ્યવસ્થા પ્રમાણે આ મિલનસ્થળ માટે નડિયાદની પસંદગી કરવામાં આવી. તે વખતે નડિયાદ ધાર્મિક સ્થળ અને સાક્ષરોની ભૂમિ કહેવામાં આવતું. તા. ૨૬ માર્ચ ૧૮૨૫ના દિવસે આ ધાર્મિક સંવાદ યોજાયો. પરસ્પર પ્રેમ અને સહકારમૂલક વાતાવરણમાં સરસ સાત્વિક ધર્મચર્ચાઓ બંને ધાર્મિક વડાઓ વચ્ચે સૌજન્યપૂર્ણ વાતાવરણમાં યોજાઈ હતી. તે વખતે બિશપની તહેનાતમાં પોલીસોની ટુકડી અને સ્વામીની સાથે તેમના શિષ્યગણના વિશાળ પ્રમાણમાં સાથીઓ ઉપસ્થિત હતા.

૧૮૨૫ના આ જ પ્રવાસમાં બિશપને હસ્તે સેંટ જેમ્સ ચર્ચ વડોદરા, સેંટ પોલ ચર્ચ ખેડા અને ક્રાઈસ્ટ ચર્ચ સુરતના પ્રતિષ્ઠાપન વિધિ સંપન્ન કરાયા હતા. (મરણ ૧૮૨૬) બિશપ અને સ્વામીની ધર્મચર્ચાના આ પ્રસંગની દૃશ્ય પ્રતિકૃતિ નડિયાદના એક સ્વામિનારાયણ મંદિરમાં મુકાયેલી છે. તે જોવાલાયક છે.✍

**ડો. સુરેન્દ્ર આસ્થાવાદી, નડિયાદ**

★★★

# દુઃખ સહનનો માર્ગ

**દુઃ**ખ સહન સપ્તાહ દરમિયાન આપણે ઈસુના વધસ્તંભે જડાવા પહેલાંના અંતિમ દિવસોને યાદ કરીએ છીએ. યરુશાલેમની જે શેરીઓમાં થઈને ઈસુએ વધસ્તંભ ઊંચકીને મુસાફરી કરી હતી તે માર્ગને વર્તમાન સમયમાં Via Dolorosa (The Way of Sorrow) દુઃખ સહનના માર્ગ તરીકે ઓળખવામાં આવે છે.

પરંતુ હિબ્રૂઓને પત્રના લેખક, ઈસુએ પસંદ કરેલા માર્ગને માત્ર દુઃખ સહનના માર્ગ કરતાં એક વિશેષ ગણે છે. ઈસુ દુઃખ સહનના જે માર્ગ પર સ્વેચ્છાએ ગુલગથા નામની જગાએ પહોંચ્યા હતા તે માર્ગ આપણને ઈશ્વરની સમક્ષતામાં દોરી લઈ જતો "નવો અને જીવતો" (હિબ. ૧૦:૨૦) બન્યો છે.

યહૂદીઓએ સૈકાઓ સુધી પ્રાણીઓના બલિદાન દ્વારા અને નિયમ પાલન કરીને ઈશ્વરની સમક્ષતામાં આવવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ નિયમશાસ્ત્ર તો "જે સારી વસ્તુઓ બનવાની હતી તેની પ્રતિછાયા" (હિબ. ૧૦:૧) હતી કારણ કે "ગોધાઓનું તથા બકરાઓનું રક્ત પાપો દૂર કરવાને સમર્થ નથી" (હિબ. ૧૦:૪).

દુઃખ સહનના માર્ગ (Via Dolorosa) પરની ઈસુની મુસાફરી તેમને તેમના મૃત્યુ અને પુનરુત્થાનમાં દોરી લઈ જતી હતી. જ્યારે આપણે આપણા પાપની માફીને માટે તેમના પર વિશ્વાસ કરીએ છીએ ત્યારે તેમના બલિદાનને કારણે પવિત્ર થઈએ છીએ. જોકે આપણે નિયમને સંપૂર્ણપણે પાળવા શક્તિમાન ના હોઈએ તેમ છતાં આપણને આવકારવામાં આવશે અને આપણા પ્રત્યે પ્રેમ પ્રદર્શિત કરવામાં આવશે એવાં સંપૂર્ણ વિશ્વાસ સહિત આપણે નિર્ભયપણે ઈશ્વરની સન્નિધ જઈ શકીએ છીએ (કલમ ૧૦,૨૨).

ખ્રિસ્તના દુઃખ સહનના માર્ગે (Via Dolorosa) આપણને ઈશ્વરની સન્નિધ લઈ જતો નવો અને જીવતો માર્ગ ખોલ્યો છે.

**ક્રિસ્ટોફર અમીન, સુરત**





# એને ક્રૂસે ચડાવો

**ફાધર વર્ગીસ પોલ, એસ. જે.**

ગૂડ ફ્રાઈડે કે શુભ શુક્રવારનો દિવસ એટલે પ્રભુ ઈસુના મૃત્યુનો દિવસ. બે-એક હજાર વર્ષ પહેલાં આખા રોમન સામ્રાજ્યમાં સૌથી વધારે નામોશીભરી રીતે ઈસુને ક્રૂસે ચડાવીને મારી નાખવામાં આવ્યા છે. ખરેખર ઈસુનું મૃત્યુ થયું નથી; પણ ઈસુનું ખૂન જ થયું છે! હત્યા થઈ છે! કદાચ આખા પેલેસ્ટાઈન પ્રાંતમાં સૌનું ભલું કરીને ફરનાર ઈસુ જેવા સાધુ પુરુષનું ધોળે દહાડે ખૂન કરવામાં આવ્યું છે, એવું આપણે માની ન શકીએ. છતાં એ નર્યું સત્ય છે, ખરી વાસ્તવિકતા છે. અહીં આપણે ઈસુના ખૂન પાછળનાં પરિબળો અને મુખ્યત્વે એ ખૂન સાથે સંકળાયેલાં ત્રણ પાત્રો તપાસીએ.

એમાંનું એક પાત્ર યહૂદા ઇશ્કારિયોત છે. યહૂદા, ઈસુએ પોતાના અંતેવાસી તરીકે પસંદ કરેલા બાર શિષ્યોમાના એક છે. ઈસુના ત્રણ વર્ષના જાહેરજીવન દરમિયાન ઈસુ સાથે રહ્યા છે. ઈસુએ અસંખ્ય લોકોનું ભલું કર્યું છે. ભૂખ્યા-તરસ્યા હજારો લોકોને ખવડાવ્યું છે. આંધળા માણસોને દેખતા કર્યા છે. કુષ્ઠ રોગીઓને સાજા કર્યા છે. અપંગ માણસોને ચાલતા-કૂદતા કર્યા છે. ઈસુએ શબ્દમાત્રથી દરિયાઈ તોફાનને શાંત કર્યું છે. યહૂદા બીજા શિષ્યો સાથે રહીને ઈસુના બધા ચમત્કારોના દૃઢસાક્ષી બન્યા છે.

ઈસુ અને બીજા શિષ્યોને યહૂદા પર વિશેષ ભરોસો હતો. એટલે યહૂદા ઈસુ અને એમના શિષ્યોની ટુકડીના ખજાનચી હતા. બાઇબલ કહે છે કે, "યહૂદા પાસે પૈસાની પેટી રહે છે." ઉત્સવ જેવા પ્રસંગે કંઈક ખરીદવાનું હોય કે, ગરીબોને કંઈક આપવાનું હોય, એવા પ્રસંગે પૈસાનો વ્યવહાર યહૂદાને જ કરવાનો હતો.

યહૂદાને પૈસાનો મોહ હતો. શુભસંદેશકારે નોંધ્યું છે કે, યહૂદા ચોર હતો. ઈસુની ટુકડીના પૈસાની પેટી યહૂદા પાસે હતી અને યહૂદા એમાંથી પૈસા ચોરી લેતા! બાર શિષ્યોની યાદીમાં યહૂદાનું નામ હંમેશાં "ઈસુને દગો દીધો હતો તે યહૂદા ઈશ્કારિયોત" કે "વિશ્વાસઘાતી નીવડ્યો હતો તે યહૂદા ઈશ્કારિયોત" છે.

યહૂદાએ મુખ્ય યાજકો પાસે જઈને ઈસુને પકડાવી દેવાનો સોદો કર્યો. તે લોકોએ તેને ત્રીસ ચાંદીના સિક્કા તોલી આપ્યા. ત્યારથી યહૂદા ઈસુને પકડાવી દેવાની તક શોધવા લાગ્યો. શિષ્યો સાથે છેલ્લા ભોજન પછી ઈસુ રાબેતા મુજબ ગેથસેમાને નામની જગ્યાએ પ્રાર્થના કરવા ગયા. યહૂદાને એવી ખબર હતી. એટલે યહૂદા મુખ્ય પુરોહિતો અને પ્રજાના આગેવાનોએ મોકલેલા માણસોનું ટોળું લઈને ત્યાં આવ્યો. તેણે ટોળાના લોકોને કહ્યું હતું કે, જેને હું ચુંબન કરું તે જ તમારો માણસ. એટલે યહૂદાએ ઈસુની પાસે આવીને "પ્રણામ ગુરુદેવ!" કહીને ચુંબન કર્યું.

પછી શુભસંદેશકાર માથ્થી જણાવે છે તેમ, જ્યારે યહૂદાને ખબર પડી કે, ઈસુને મોતની સજા થઈ છે ત્યારે તેને પસ્તાવો થયો અને પેલા ત્રીસ ચાંદીના સિક્કા મુખ્ય યાજકો અને આગેવાનોને પાછા આપીને બોલી ઊઠ્યો, 'મેં પાપ કર્યું છે! નિર્દોષ માણસને મોતને હવાલે કર્યો!' તે પૈસા મંદિરમાં ફેંકી દઈને ચાલી નીકળ્યો અને ઘોર નિરાશામાં ફાંસો ખાધો!

બીજું પાત્ર ઈસુને મોતની સજા કરનાર રોમન સત્તાના પ્રતિનિધિ પેલેસ્ટાઈનનો સૂબો પોન્તિયસ પિલાત છે. યહૂદી યાજકો અને લોકોના આગેવાનો કોઈને મૃત્યુની સજા ન કરી શકે. એ અધિકાર ફક્ત રોમનો હતો. એટલે લોકો ઈસુને "ક્રૂસે ચડાવો, ક્રૂસે ચડાવો"ના નારા સાથે સૂબા પિલાતના મહેલમાં લઈ આવ્યા.

પિલાતે ઈસુની તપાસ કરીને લોકો આગળ એકથી વધારે વાર જાહેર કર્યું હતું કે, તમે સમજી લો કે, મને એનામાં કંઈ દોષ દેખાતો નથી. માથ્થીએ સ્પષ્ટ નોંધ્યું છે કે, "તેને (પિલાતને) ખબર હતી કે, લોકોએ કેવળ અદેખાઈને લીધે ઈસુને હવાલે કર્યા હતા." વળી, "પિલાત ન્યાયાસન ઉપર બેઠો હતો. ત્યાં તેની પત્નીએ તેને સંદેશો મોકલ્યો કે, એ ધર્માત્માની બાબતમાં તમે પડશો

નહિ.” પણ પિલાતને લોકોના તોફાનથી પોતાની સત્તા જતી રહેશે એવી બીક હતી. એટલે પિલાતે પાણી લઈને લોકોના દેખતા પોતાના હાથ ધોઈ નાખ્યા અને કહ્યું, “આ માણસના ખૂનની બાબતમાં હું નિર્દોષ છું. એ તમે જાણો.” પછી પિલાતે લોકોની માગણી પ્રમાણે ઈસુને કોરડા મરાવી ક્રૂસે ચડાવવા માટે સોંપી દીધા.

પિલાતે પોતાનો હોદ્દો સાચવવા માટે, રોમન સત્તાને પ્રતિનિધિ સૂબાનું સ્થાનમાં ચાલુ રહેવા માટે, નિર્દોષ ઈસુને મૃત્યુના હવાલે કર્યા. પરિણામ? ઈતિહાસ બતાવે છે કે, ઈસુ ક્રૂસ પર મરી ગયાના સમાચાર મળ્યા પછી પિલાત પોતાની સ્વસ્થતા ખોઈ બેઠા. તેમણે ફરી ને ફરી પોતાના હાથ ધોઈ નાખ્યા. પિલાત શાંતિથી ક્યાંય બેસી શકતા નહોતા. સૂઈ શક્યા નહોતા. ચેન પડતું નહોતું. તેઓ ગાંડા બની ગયા. મનની સમતુલતા ખોઈ બેઠા. સૂબાના સ્થાનથી દૂર થયા. ગેરવર્તણૂક ને ખોટા વહીવટ બદલ પિલાત દેશનિકાલ થયા. અંતે ભારે નિરાશાથી ખરાખોટાનું ભાન વિના તેમણે આત્મહત્યા કરીને જીવન ટૂંકાવ્યું.

ત્રીજું પાત્ર ઈસુને કેદમાં પકડ્યા પછી એમને ઓળખવાની પણ ના પાડનાર પિતર છે. પિતર ઈસુના વિશેષ પસંદ કરેલા બાર અંતેવાસી શિષ્યોમાંના એક છે. છેલ્લા ભોજન વખતે છાતી ઠોકીને ઈસુને પિતરે કહ્યું હતું, ‘પ્રભુ આપની સાથે હું જેલમાં કે મૃત્યુના મુખમાં પણ આવવા તૈયાર છું.’ તે વખતે ઈસુએ પિતરને ચેતવણી આપી હતી કે, “ઓ પિતર, આજે રાતે કૂકડો બોલે તે પહેલાં તો તું મને ઓળખે છે એ વાતનો તેં ત્રણ વાર ઈનકાર કર્યો હશે” અને બન્યું પણ એવું જ.

એક નોકરડીએ પિતરને ઈસુના સાથીદાર તરીકે ઓળખ્યા તો પિતરે કહ્યું, “બાઈ, હું તો એને ઓળખતો સુધ્ધાં નથી.” પછી ઈસુના શિષ્ય તરીકે પિતર તરફ આંગળી ચીંધનાર બીજા બે માણસો આગળ પણ પિતરે કહ્યું, “ભાઈ, તું શું કહે છે, મને કાંઈ ખબર નથી.” પિતર આમ બોલતો હતો ત્યાં કૂકડો બોલ્યો અને કેદમાં પકડાયેલા ઈસુએ ફરીને પિતર ઉપર નજર માંડી. પિતરને પ્રભુના શબ્દો યાદ આવ્યા અને બહાર જઈને તે છાતીફાટ રોવા લાગ્યા. પિતરને પોતાના ઘોર અપરાધનો ખ્યાલ આવ્યો. પોતાનાં પાપનું ભાન થયું. સાથેસાથે ઈસુની કરુણામય, પ્રેમ નીતરતી આંખોની યાદ આવી. સાત વાર નહિ પણ સિત્તેર વખત સાત વાર માફી આપવાના પ્રભુ ઈસુના સંદેશનું પિતરને સ્મરણ થયું. ક્રૂસ પરથી આપેલી માફીના શબ્દો પિતરના કાનમાં ગુંજ્યા હશે, “હે પિતા, આ લોકોને માફ કર; પોતે શું કરે છે એનું એમને ભાન નથી.”

પિતરને પોતાના ગુનાનો ખ્યાલ આવતાં તેઓ પશ્ચાત્તાપી દિલે પ્રભુની કરુણા અને દયા પર પૂર્ણ ભરોસા સાથે ઈસુ તરફ વળ્યા. તેઓએ પોતાની જેમ ઈસુની ધરપકડ અને ક્રૂસ પરના મૃત્યુ વખતે ભાગી ગયેલા બધા શિષ્યોને હિંમત આપીને ઈસુની માતા મરિયમ સાથે ભેગા કર્યા. તેઓ બધાં પ્રાર્થના કરવા લાગ્યાં અને ઈસુએ વચન આપેલા પવિત્ર આત્માની રાહ જોવા લાગ્યા.

મૃત્યુના ત્રીજા દિવસે સજીવન થયેલા પ્રભુ ઈસુએ પિતરને અને બધા શિષ્યોને દર્શન દીધાં. એટલું જ નહિ, પણ બધા શિષ્યોને દરિયાકિનારે દર્શન દીધા તે પ્રસંગે ઈસુએ પિતરને પોતાના બધા શિષ્યો અને અનુયાયીઓની સંભાળ રાખવાની મોટી જવાબદારી સોંપીને પટ્ટશિષ્ય બનાવ્યા!

આ ત્રણ પાત્રો - યહૂદા, પિલાત અને પિતર - બે હજાર વર્ષ પહેલાં જીવી ગયેલી ઐતિહાસિક વ્યક્તિઓ છે. ઈસુની મહાવ્યથા ક્રૂસ પરના નામોશીભર્યા મૃત્યુના સંદર્ભમાં આ ત્રણ પાત્રોને યાદ કરવાનું વિશેષ કારણ છે. ઈસુનું ક્રૂસ પરનું મૃત્યુ કેવળ યાદગીરી નથી. મારા-તમારા અને બધા માણસોની સાંપ્રત સમયની પણ આ વાત છે. ઈસુના દુન્યવી જીવનના સમયની જેમ આજે પણ વિવિધ પ્રકૃતિના, ભિન્ન ભિન્ન આચારવિચારના માણસો છે. આપત્તિ, સંઘર્ષ, કટોકટી જેવા પ્રસંગે માણસ આ ત્રણ પાત્રોની જેમ વિવિધ વલણ ધરાવે છે. આ ત્રણ પાત્રોની જેમ વર્તનાર સાચા-ખોટા રસ્તે ચાલનાર ઘણા માણસો આપણી વચ્ચે છે.

આપણામાં કોઈ જણ સંઘર્ષ, આપત્તિ, કટોકટી કે એક યા બીજા પ્રકારની મુશ્કેલી વખતે યહૂદાની જેમ ફાંસો ખાઈને આપણું જીવન ટૂંકું કરવા ઇચ્છતો નથી; કે પિલાતની જેમ ગાંડો બનીને આપઘાત કરવા માગતો નથી. પણ પોતાના ઘોર અપરાધને પાપ બદલ પશ્ચાત્તાપ કરનાર પિતરની જેમ જીવવા માગીએ છીએ. પિતરે

**અનુસંધાન પાના નં. ૪૪ ઉપર...**